# ગુંચવાડો




પ્રખ્યાત વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યુટન ની આ વાત છે. તેમની પાસે બે બિલાડીઓ હતી. એક બિલાડી મોટી હતી, અને બીજી બિલાડી જે તેનું નાનું બચ્ચું હતું. જે ઓરડામાં ન્યુટન અભ્યાસ કરતા હતા, તેમાં આ બે બિલાડીઓ વારંવાર આવ જા કરતી હતી. ન્યુટન પોતે અભ્યાસમાં મશગુલ હોય ત્યારેજ, બારણું ખોલવું પડતું હતું. તેમનાં અભ્યાસમાં ઘણી મૂશ્કેલી પડતી હતી. આથી તેમણે સુથાર ને બોલાવ્યો. તેને સૂચના આપી, કે બારણા માં બે બાકોરા પાડી આપો. એકમોટું બાકોરૂ જેમાંથી મોટી બિલાડી આવી શકે. બીજુ નાનું બોકોરૂ જેમાંથી નાની બિલાડી આવી શકે.

આ વાત સાંભળી ને સુથાર હસ્યો. ન્યુટને પૂછ્યું ''કેમ હસ્યા?'' સુથારે જવાબ આપ્યો, ''શું તમને નથી લાગતું કે એકજ મોટું બાકોરૂ, તે બંને બિલાડીઓ માટે અવર જવર કરવા માટે પુરતુ નથી? મોટી અને નાની બિલાડી, બંને માટે એક જ મોટું બોકોરૂ પુરતુ છે!''

દુઃખની વાત છે કે ઘણાં બુધ્ધિમાન લોકો વિચારે છે, કે ઈશ્વરને શોધવા માટે જાણે કે, ઈશ્વરે ગુંચવાડા ભરેલા માર્ગો માનવીને બતાવ્યા છે. પરંતુ ઈશ્વરને માટે, સો, પચાસ, વીસ કે બે દરવાજાની જરૂર નથી, તમારે અને મારે સ્વર્ગમાં પ્રવેશ કરવા માટે માત્ર એક જ દરવાજો પુરતો છે. પ્રભુ ઈસુએ કહ્યું ''હું બારણું છું, મારા દ્વારા જો કોઈ પેસે, તો તે ઉધ્ધાર પામશે, અને માંહે આવશે ને બહાર જશે, અને તેને ચરવાનું મળશે.'' (યોહાન ૧૦:૯). પ્રભુ ઈસુમાં તારણ, સંતોષ, અને સલામતી છે ઈસુને તમારો તારનાર અને પ્રભુ બનાવો. તમે સાચી પસંદગી કરો.

શું તમે દરવાજાની અંદર છો કે બહાર છો?